જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૨/૦૮/૨૦૨૩   શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૨૧૪૦૩/૨૦૨૨ પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૩૦૩૬૧/૨૦૨૩ પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૪૧૨/૨૦૨૩ તા-૧૧/૦૮/૨૦૨૩ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૧૧/૦૮/૨૦૨૩ ના કલાક-૨૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ભુજ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા-૧૧/૦૮/૨૦૨૩

### આરોપીનુ નામ –

પ્રદીપ ઉર્ફે પદીયો સ/ઓ બળદેવભાઇ મોહનભાઇ સોલંકી ઉવ.૨૨ રહેઃ અરવિંદભાઇ પટેલની ચાલી અંબેમાંના મંદિરની બાજુમાં મુઠીયા ગામ નરોડા, અમદાવાદ શહેર મુળવતન ગામ. સોંપા તા.દહેગામ જી. ગાંધીનગર

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પો.સબ.ઇન્સ. બી.એફ.ડાભી તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ.પર્સનલના હે.કો.ગજેન્દ્રસિંહ રુપનસિંહ બ.નં.૮૪૨૨ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા પો.કો.શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭

## રાણીપ પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશન સબંધી ગુનો કરતા ઇસમની પાસા હેઠળ અટકાયત કરવા બાબત.

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ દ્વારા રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તાર માં પ્રોહીબીશનની પ્રવુત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા સારુ ચુસ્તપણે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં તેમજ ઓઢવ પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુત્તી આચરતા પકડાયેલ ઇસમ ભુપેન્દ્ર ઉર્ફે ભોપી પ્રેમાજી ભાટી ઉં.વ.૩૬ રહે. કેશવનગર,મદ્રાસીના છાપરા,સેન્ટ્રલ જેલ રોડ,રાણીપ,અમદાવાદનાઓને મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નંબર ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૧૩/૨૦૨૩ તા.૧૧/૦૮/૨૦૨૩ અન્વયે પાસા હેઠળ અટકાયત કરી તા-૧૧/૦૮/૨૦૨૩ ના કલાક ૨૦/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી ભુજ જેલ ખાતે અટકાયતમાં રહેવા સારુ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.પો.કો. શૈલેશકુમાર મહાદેવભાઇ બ.નં. ૯૭૫૪
(૨) અ.પો.કો. નાગજીભાઇ હરિભાઇ બ.નં. ૧૨૧૩૩
(૩ )અ.પો.કો. દિલીપભાઇ વીરજીભાઇ બ.નં.૧૧૯૪૬

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૧૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૪ કેસ કરી, ૬૦ વ્યક્તિઓને ઝડપી, ૩૪૦ લીટર દેશી દારૂ, ૨૯૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૯ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૪૭,૭૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૨૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૩૨૧/૨૦૨૩

**ચાંદખેડાઃ** રાજેશ સુરેશભાઇ ઠક્કર (રહે. મંગલદીપ સોસાયટી ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ તા.૧૧/૦૮/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૮/૨૦૨૩ રાતના ૯/૩૦ થી તા.૦૯/૦૮/૨૦૨૩ સવારના ૧૦/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા અવની ભવનની બાજુમાં પાર્થ એવન્યુમાં “રાજા શુઝ” નામની પોતાની દુકાનનું શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી પી.ડી.પટેલ ચલાવે છે.

## ત્યજી દિધેલ ભૃણ/શિશુ મળી આવવા બાબતઃ- સમાચાર યાદી નં.૧૩૨૨/૨૦૨૩

**રિવરફ્રંટ ઈસ્ટઃ** તા.૧૧/૦૮/૨૦૨૩ કલાક ૧૦/૪૦ વાગ્યા પહેલા માસ્તર કોલોની પાસે રીવરફ્રન્ટ પુર્વ તરફના વોક-વે ઘાટ નંબર-૭ નજીક નદીના પાણીમાંથી ત્યજી દિધેલ મૃત ભૃણ મળી આવતા રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

**નિકોલઃ** તા.૧૧/૦૮/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે નિકોલ હુડકો ઇન્દિરા વસાહત જુની પાણીની ટાંકી કચરાપેટી પાસેથી ત્યજી દિધેલ જીવિત શિશુ (બાબો) મળી આવતા નિકોલ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશ્વાહા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૨૩/૨૦૨૩**

**"એમ" ડીવિઝન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** સાહીલ સબ્બીરહુસેન અજમેરી (ઉ.વ.૨૧) (રહે. ટોકળશાની પોળ ગાયકવાડ હવેલી સામે રાયખડ) તા.૧૦/૦૮/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે મહા કવિ ન્હાનાલાલ ઓવરબ્રીજ ઉપર એમ.જે.લાયબ્રેરી બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સાહીલ અજમેરીના મોટર સાયકલને ટક્કર મારતા સાહીલ અજમેરીને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન રાતના ૯/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર સાહીલ અજમેરીના ભાઈ સોહીલહુસેન અજમેરીએ "એમ" ડીવિઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

**ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૨૪/૨૦૨૩**

**નારણપુરાઃ** રૂપમતી મસ્જિદની પાછળ મિરઝાપુર શાહપુર ખાતે રહેતા અને નારણપુરા ક્ષીતીજ આરીકા સાઇટ ખાતે કામ કરતા મહાવીર સ/ઓ ગાજીયા ખરાડી (ઉ.વ.૨૮) (મુળવતન. ગામ.ધનેલા તા.ઘાટોલ જી.બાંસવાડા રાજસ્થાન) તા.૧૧/૦૮/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે નારણપુરા ક્ષિતિજ આરીકા સાઈટ ખાતે બાંધકામના ત્રીજા માળે પાણી છાંટતા હતા ત્યારે ત્રીજા માળથી બેઝમેન્ટમાં નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ બચુભા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૨૫/૨૦૨૩**

**વટવાઃ** સમુબહેન વા/ઓ દિનેશભાઇ ચૌહાણ (ઉ.વ.૩૦) (રહે. સનાભાઇનગર વટવા) એ બિમારીથી કંટાળી તા.૦૯/૦૮/૨૦૨૩ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પદાર્થ પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૮/૨૦૨૩ સાંજના ૬/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સી.એચ.રબારી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી